## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મમ્મી. હુ આ ઝંડો પકડીને ઊભીછુ સાચી સલાહ આપ... આ ઝંડાને હુ ડસ્ટબીનમાં ફેકીન શકુ... કપડાનો બીજો ઊપયોગ પણ ન કરાય... કબાટમાં સમાતો પણ નથી....!!




મુક્તિધામ ખાતે ૧૫ મી ઓગસ્ટ ની ઉજવણી કરવામાં આવી હતી



ગણપતપુરા પ્રાથમિક શાળાના બાળકોએ પોતાના ગાલ ઉપર તિરંગો ટેટુ દોરાવીને અનોખી રીતે ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્રતા દિનની ઉજવણી કરી



ગાંધીનગર ખાતે આદિજાતિ મોરચા દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેવેન્દ્રસિંહ ચાવડા, આદિજાતિ મોરચાના પ્રમુખ જયદેવ પરમાર, ઉપપ્રમુખ હર્ષિલ ડામોર, મંત્રી વિજયસિંહ બુવળ સહિત મોટી સંખ્યા માં યુવાવર્ગ જોડાયો હતો.



ન્યુ વાવોલ, ગાંધીનગર વૈદેહી એલીગન્સ સોસાયટીના રહીશો દ્વારા ૭૫ આઝાદી કા અમૃત મહોત્સવ ૧૫ મી ઓગસ્ટની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો



ગુજરાત યોગ બોર્ડના ટ્રેનર કિનારબેન રાણા દ્વારા સેક્ટર ૩ માં ચલાવવામાં આવતા યોગ કોર્નર ખાતે આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણી સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ રમતગમત સ્પર્ધા કરીને ઉજવવામાં આવી હતી.સ્પર્ધામાં વિજેતાઓને તુલસીના છોડથી સન્માનીત કરીને પ્રકૃતિ અને આયુર્વેદ જાગૃતિ તરફ એક પગલું ભર્યું.છેલ્લે રાષ્ટ્ર ગીત ગાઈ ,મોઢું મીઠું કરીને સૌ આનંદથી છૂટાં પડ્યાં.



સેક્ટર ૩ન્યૂ શિવશક્તિ મંદિર ખાતે શ્રવણ માસ ના ત્રીજા સોમવારે મહાકાલેશ્વર દાદા ની મહાઆરતી તથા ફૂલો નો શણગાર ના સેક્ટર વસાહતી ભાઈબહેનો એ દર્શન લાભ લઈ ધન્યતા અનુભવી હતી



અગણિત શહીદો ના બલિદાન અને સતત સંઘર્ષ બાદ પ્રાપ્ત થયેલ આઝાદી નાં ૭૬માં રાષ્ટ્રીય પર્વ ની ઉજવણી અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ના વરદ હસ્તે આજે ધ્વજ વંદન કરવામાં આવેલ. આ પ્રસંગે ડે.મેયરશ્રી, સ્ટે.ચેરમેનશ્રી, દંડકશ્રી, પક્ષના નેતાશ્રી, સાથી કાઉન્સિલરશ્રીઓ, મહાનગરના અધ્યક્ષશ્રી રૂચિરભાઈ ભટ્ટ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, પૂર્વ કાઉન્સિલરશ્રીઓ , પૂર્વ પદાધિકારીશ્રીઓ, તેમજ ખુબ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા. તેમજ આ રાષ્ટ્રિય ઉત્સવ ઘણો જ ઉલ્લાસ પૂર્ણ અને બધા ના રાષ્ટ્રપ્રેમ ના પ્રતિક સમાન બની રહ્યો..



## અર્બુદા સેના ગુજરાત દ્વારા અદભુત રક્તદાન : ૧૪૧૧ બોટલ રક્ત એકત્ર થયું

બીલીપત્ર, રુદ્રાક્ષ, લીમડા સહિત ૧૧ હજાર વૃક્ષના રોપા ની વાવણી કરવામાં આવી. અર્બુદા સેના ગુજરાત પ્રદેશ દ્વારા ૭૬ માં સ્વતંત્ર પર્વ નિમિત્તે રાજ્યના ૧૭ સ્થળે ધ્વજવંદન, વૃક્ષારોપણ અને વ્યસનમુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫ મી ઓગસ્ટ દીને સવારે ગાંધીનગર જિલ્લાના ચરાડા ખાતે શ્રી વિપુલભાઈ ચૌધરી એ વૃક્ષારોપણ કરી ગ્રામજનો અને યુવાનોને વધુમાં વધુ વૃક્ષો વાવી પ્રકૃતિનું જતન કરવા તેમજ પ્રકૃતિનું રક્ષણ કરવા જણાવ્યું હતું. તેમણે રક્તદાન કરીને વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને રક્તદાન કરવા પ્રોસાહિત કર્યા હતા. રાજ્યના ૧૭ સ્થળે યોજાયેલા બ્લડ ડોનેશન અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૧૪૧૧ બોટલો રક્ત એકત્ર કરાયું ઉપરાંત ૧૧ હજારથી વધારે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. શ્રી વિપુલભાઈ ચૌધરી કહ્યું હતુ કે, ૧૭ સ્થળે અર્બુદા સેનાના સભ્યોએ સ્વાતંત્ર્ય દીને જે સેવાકીય કામગીરી કરી છે તે ખુબ જ સરહનીય છે. આમ જ અર્બુદા સેના સમાજ ઉપયોગી સેવાકાર્ય કરી સમાજ ને મદદ રૂપ થશે. આવા કાર્ય થકી આંજણા સમાજ સંગઠિત થશે.

## ખૂણેખાંચરેથી

● આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે પાટનગરની સરકારી કચેરીઓ પર રોશની કરાઈ હતી. જિલ્લા કલેક્ટર કચેરી પરની રોશની સૌનુ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો એક જ દર્દી હાલ સારવાર હેઠળ છે. બાકીના દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ છે.

● કલોલના જાસપુર પ્રા.આ. કેન્દ્રને શરતોને આધીન નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ પ્રમાણપત્ર અપાયુ છે. શરતોને આધીન રહી પ્રથમવાર આવુ પ્રમાણપત્ર અપાયુ છે.

● સે. ૧૬ સ્થિત સોમનાથ મહાદેવમાં સોમવારના રાત્રિના બીજા પ્રહરમાં કમળ પૂજા કરવામાં આવી હતી.

● આજે સવારથી પાટનગરમાં વરસાદી માહોલ છવાયો હોવાથી ખાજાની ઘરાકીમાં ઘટાડો જોવા મળ્યો હતો. ૧૦ ટકા જેટલી ઘરાકી ઓછી હોવાનું વેપારીઓએ કહ્યુ છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં હવે ડેન્ગ્યુના કેસોએ દેખા દીધી છે.

● રજાઓનો માહોલ પૂર્ણ થતાં આજે ગાંધીનગરમાં ટ્રાફિક જોવા મળ્યો હતો.

● નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલ પંચાયતી રાજની તાલિમમાં ત્રણ દિવસ માટે દિલ્હી ગયા છે.

● જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલને પગલે શહેર અને ગ્રામ્યમાં ગંદકીના થર જામી ગયા છે.

● વાસણા મહાદેવ નજીક આજે કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો છે.

● ગાંધીનગરના પ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ ખાતે ગઈકાલે ૧૫મી ઓગષ્ટને લઈ ભારતના નકશા સાથેનો શણગાર તો આજે નાગપંચમીને લઈ નાગરાજોના શણગાર સાથે ફૂલોનો અદ્ભુત શણગાર કરવામાં આવ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો ન ઉકેલાતા ગ્રામ્ય વિસ્તારમાં આક્રોશની લાગણી જન્મી છે.



આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ લિયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૦ ખાતે ધ્વજવંદન, તિરંગા રેલી તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લિયો ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ લિયો સીએ કરણ વિનોદ માનિકના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ નિમિતે ઉપસ્થિત ૧૬૦ જેટલા શાળાના વિદ્યાર્થીઓને બોલપેન તથા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું. શાળાના પ્રિન્સીપલ કૈલાશબેન ગામેતી તથા અન્ય સ્ટાફ ટીચર દ્વારા સાથ સહકાર આપવામાં આવ્યો જેનો લિયો ક્લબ ઓફ ગાંધીનગર આભાર માને છે. લિયો ક્લબ ના ભૂતપૂર્વ પ્રમુખ રિકિન આચાર્ય અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લિયો મિત્રોનો પણ આભાર.



## ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ. દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો.

ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવાના પ્રસંગે દેશમાં ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ની ઉજવણીના ભાગરૂપે ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ. દ્વારા બેંકની હેડ ઓફિસ(સેક્ટર-૧૬) ખાતે તા.૧૫/૦૮/૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ધ્વજ વંદન કાર્યક્રમ બેંકના ચેરમેનશ્રી વિક્રમ કે. પટેલના વરદ હસ્તે યોજાયો હતો. આ કાર્યક્રમમાં બેંકના વાઈસ ચેરમેનશ્રી, બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યશ્રીઓ, બેંકના કર્મચારીઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. બેંકના ચેરમેનશ્રી વિક્રમ કે. પટેલ દ્વારા તિરંગો ફરકાવ્યો હતો

## ચિલોડામાં ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી બાદ સમગ્ર ગામમાં તિરંગા રેલી યોજાઈ

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળામાં ૭૬મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી બાદ ગામના અગ્રણી જયમીનભાઈ પટેલ, નટુભાઈ પટેલ, દિલિપભાઈ ચૌહાણ, ગોવિંદજી ઠાકોર, ગ્રામ પંચાયતના સરપંચ શ્વેતલબેન જે. પટેલ, સભ્ય ઈન્દિરાબેન પટેલ તથા ગામના યુવાનો, વડીલો સૌ ગ્રામ પંચાયત કચેરીથી ૧૦ વાગે ડી.જે. સાથે ભવ્ય તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ કાર્યક્રમોમાં યુવાનોએ હાથમાં ત્રિરંગા સાથે દેશભક્તિના સૂત્રોચ્ચારો કરી ગામનું મુખ્ય બજાર, દહેગામ રોડ, પ્રાથમિક સાળાના રસ્તે થઈ ગ્રામ કચેરીએ આવી પહોંચી હતી. સમગ્ર ગામમાં દેશભક્તિનો માહોલ છવાયો હતો.

## દાંડીકુટીર ખાતે હર્ષોલ્લાસપૂર્વક સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૬

આઝાદીના ૭૫માં વર્ષે ૧૫મી ઓગષ્ટની દાંડીકુટિર ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આર્કીયોલોજી વિભાગના નિયામક પંકજ શર્માના હસ્તે ભારતની આન-બાન-શાન સમાન તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધ્વજવંદન સમયે ક્યુરેટર ડૉ. ધીરજ ચૌધરી, દેવર્ષ કન્સ્ટ્રક્શન કંપની ગાંધીનગર વતી કેરવ શાહ, કૈલાસ ચૌધરી, સાગર પટેલ સહિત દેવર્ષ કન્સ્ટ્રક્શન કંપની ગાંધીનગરનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહી આઝાદીનો અમૃત મહોત્સવ પર્વ ખૂબ હર્ષોલ્લાસપૂર્વક ઉજવ્યો હતો.



બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેક્ટર-૨૮ ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં તેમાં જોડાયા હતા.



સરગાસણ વસાહત મંડળ દ્વારા ૧૫ મી ઓગસ્ટ નો રાષ્ટ્રીય તહેવાર ઉજવવામાં આવ્યો, જેમાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ શ્રીકેસરીસિંહ બિહોલા, વોર્ડ આઠના કોર્પોરેટર શ્રી આર.આર.પટેલ, તેમજ સરગાસન વિસ્તારમાં વસતા વસાહતીઓ એ બહોળી સંખ્યામાં હાજરી આપી ખુબ સુંદર કાર્યક્રમ કરવામાં આવેલ હતો.આ ધ્વજ વંદન શ્રી નાથાભાઈ ચૌધરી (સમાજ સેવક અને શિક્ષાપત્રી ગ્રુપ) ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સરગાસણ વસાહતીઓ માં રાષ્ટ્રીય તહેવારમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળેલો, આમ ન્યુ - ગાંધીનગર વિસ્તાર ખાતે ભવ્યાતિભવ્ય ૧૫ મી ઓગસ્ટ નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો, તે ઉપરાંત આ કાર્યક્રમમાં રક્તદાન શિબિરમાં ઘણી મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યુ હતું, તેમજ સુંદર દેશભક્તિનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવેલ હતો,તેમ એક અખબારી યાદી માં પ્રમુખશ્રી વિપુલભાઈ ઠાકર તેમજ મહામંત્રીશ્રી પિનાકીનભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવેલ છે.

## લિયો કિડ્સ ગિફ્ટસીટી પાસે ૭૬મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના નેશનલ હાઈવે ૮ પર આવેલુ જેઠીપુરા ગિફટસીટી ગેટ પાસેની લિયો કિડ્સ પ્રિ. પ્રાયમરી સ્કૂલના બાળકોએ સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે નાના ભુલકાંઓએ સ્કૂલડ્રેસમાં પરેડમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેઠીપુરા ગામ સરપંચે ધ્વજવંદન કરી સલામી આપી ત્યારબાદ બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

## સ્વાતંત્ર્યદિનની પૂર્વ સંધ્યાએ ‘સુરીલો સંગીત’ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરૂપે ‘સુરીલો સંગીત’ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પૂર્વ કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સાંસદ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, શહેર અધ્યક્ષ રૂચિર ભટ્ટ, મહાનગરના પ્રભારી મોહનભાઈ પટેલ, મેયર હિતેષભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન, શહેર મહામંત્રીઓ, મનપા કાઉન્સિલરો, કાર્યકર્તાઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ભાવિન પટેલ અને કુશલ દીક્ષિત દિગ્દર્શિત આ શૉ માં ગુજરાતના જાણીતા ગાયક સંજય ઓઝા અને પાર્થ ઓઝાએ રાષ્ટ્રભક્તિના ગીતોની રમઝટ બોલાવી હતી.




## સિવિલ હોસ્પિટલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતિ લાખાણી દ્વારા ધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉક્ટરર્સ, નર્સિંગ સ્ટાફ સહિત ખાનગી એજન્સીના કર્મચારીઓ અને સિક્યુરીટી ગાર્ડના જવાનો હાજર રહ્યા હતા.

**Gandhinagar District Co.Op. Milk Producer’s Union Ltd.**

Tender Inviting for Below Mentioned Material supply for Gandhinagar District Co. Op Milk Producer’s Union Ltd. The Bidder Should submit Technical Bid, tender Fee and EMD in cover separately. The bidding should be done through http://www.nprocure.com only. The right is reserved to Managing Director to accept, reject of cancel the tender / offer.

| | | |
|---|---|---|
| Supply & Installation of ABB Make 270 HP/200 KW Motor for Ammonia Screw Compressor with Termination. | Start date of online submission of Tender 17-8-2022<br>Last Date of online submission of tender : Dated : 24-8-2022 18:00 hours | Physical Submission of tender document Dated : 26-8-2022 Up to 16:00 hours. |

Sd/- Managing Director

**Gandhinagar District Co.Op. Milk Producer’s Union Ltd.**

“K” Road, G.I.D.C. Electronics Estate, Sector-25, Gandhinagar-382024